# "SUDARSHAN"

Weekly E-bulletin of Rotary club of Surat

23rd July

Rotary
club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -4

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R'ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad, Nanpura,
Surat - 395001
For Private Circulaion only

## શુક્રવાર, તા. ૧૬ જુલાઇના રોજ Zumba થી આવ્યા રોટેરિયન જોમમાં




ખુશીના રંગથી છલકાઇ ગઇ રોટરીની દુનિયા કારણ કે જલ્પાજી એ વહાવી ગમતીલા ઝુમ્બાની દુનિયા.

રોટરી હંમેશા જીવનના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં માને છે. તેથી જ દરેક મિટીંગ કંઇક વિશેષ જ હોય છે. ૧૬ જુલાઇ, ૨૦૨૧ના શુક્રવારની સંધ્યાએ તન-મનને તંદુરસ્ત કરે એવા ઝુમ્બા સેશનનું આયોજન થયું. ઝુમ્બાના નિષ્ણાંત જલ્પા મોદીએ સંગીત સાથે સરળ કસરતોને જોડીને ડાન્સ રૂપે રજૂ કરી અને સૌને કોઇક અલગ જ દુનિયામાં લઇ ગયા - બધા દુ:ખથી દૂર.

એક્સરસાઇઝ કહો તો એક્સરસાઇઝ, ડાન્સ કહો તો ડાન્સ...

એવા જોમવંતા ઝુમ્બામાં, મસ્ત થઇ ચુસ્ત થવાનો લીધો સૌએ ચાન્સ




સાથે મિ. રોહનની ગેમ દ્વારા સૌ એ ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યું. શરૂઆતથી સૌ વિશેષ રીતે મૂડમાં હતા. અલગ ઉત્સાહ દેખાતો હતો. ગેપોવાઇન વેલકમ જ્યુસ લઇ સૌ હોલમાં પધાર્યા - રાષ્ટ્રગાનથી રાષ્ટ્રવંદન કર્યા. પ્રેસિડેન્ટ ભિષ્માબેન દ્વારા સભાને વ્યવસ્થિત થવાનો આદેશ અપાયો. મનોજભાઇ ગૌતમ દ્વારા ફોર વે ટેસ્ટનું વાંચન થયું. ભિષ્માબેને ઉત્સાહથી સૌને આવકાર્યા. સાથે મહેમાન જલ્પાબેન મોદી અને એમની ટીમનું સ્વાગત કરી સ્મૃતિભેટ દ્વારા અભિવાદન કર્યું.



સતત દોડતા અને દોડાવતા નિખિલભાઇએ આવનારા કાર્યક્રમોની ઝાંખી કરાવી અને સર્વિસ ડિરેક્ટર નેહા લોટવાલાએ આ વર્ષના પરમેનન્ટ સર્વિસ પ્રોજેક્ટ્સથી સૌને વિશેષ અવગત કરાવ્યા. નિખિલભાઇએ વર્ષગાંઠની શુભેચ્છા પાઠવી. SMC કાર્યપાલક ઇજનેર ભૈરવ દેસાઇએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોજેક્ટમાં રોટરી ક્યાં ક્યાં સાથ આપી શકે એની સરસ માહિતી આપી ઉપયોગી પ્રોજેક્ટ્સનું દિશાસૂચન કર્યું.

ભિષ્માબેન દ્વારા સભાને બરખાસ્ત થવાની ઘોષણા થતા જ સૌ ઉમટી પડ્યા ભૂપેન્દ્રભાઇ જરીવાલા અને રૂપેશભાઇ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વાદિષ્ટ વિશેષ ભોજન તરફ. ભોજન સાથે મિત્રોએ મસ્તીભરી વાતો કરી અને આનંદથી છૂટા પડ્યા.



bulletin_02.jpg

# INCOMING.....

**:23rd July :**
**Installation**
**Rotaract club of Surat Community**

**:24th July :**
**Pal Aanganwadi**

**Rotary International Convention 2021-22**

**4th June to 8th June 2022**

**Houston, Texas, United States**







24th July Devyani Bhatt
29th July Jayana Patel
Maitri Kothari



# "ભૂખ્યાં કાજે ભોજન"




અન્નદાન કરવું એ આપણી સંસ્કૃતિ છે, આપણો સ્વભાવ છે. આપણી આ સંસ્કૃતિને ઉજાગર કરતો રોટરી ક્લબ ઓફ સુરત ૨૦૨૧-૨૨નો નૂતન પ્રકલ્પ એટલે - "ભૂખ્યાં કાજે ભોજન". આપણે ત્યાં સ્ત્રીને 'અન્નપૂર્ણા' કહેવામાં આવે છે કારણ કે તે પરિવારના ભોજનની ચિંતા રાખતી હોય છે. આપણી કલબના સહૃદયી નવનિયુક્ત પ્રેસિડેન્ટ શ્રીમતી ભીષ્માબેનમાં રહેલું અન્નપૂર્ણા સ્વરૂપ કુટુંબથી લઇને સમાજ સુધી વિસ્તર્યું અને 'ભૂખ્યાં ને ભોજન' પ્રકલ્પ અંતર્ગત દર શુક્રવારે ભૂખ્યાંને ભોજન પહોંચાડવામાં આવે છે.

મિત્રો, ઉમાશંકર જોષીએ 'જઠરાગ્નિ' કાવ્યમાં ભૂખથી પીડિત વ્યક્તિ શું કરી શકે એવો ભય વ્યક્ત કરતા કહ્યું છે,

"ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે; ખંડેરની ભસ્મકણી ના લાધશે."

જયારે ભૂખ્યાં લોકોના પેટમાં રહેલો જઠરાગ્નિ ભડકે બળશે ને ત્યારે ખંડેરની નાની કણીને પણ બાળીને ભસ્મિભૂત કરી નાંખશે. સમાજના ઉપેક્ષિત ગરીબ વર્ગને બે ટંકનું ભોજન પણ નસીબ નથી, મિત્રો, કચરાપેટીમાંથી એંઠા પતરાળા ચાટતા ગરીબોને જોઇએ ને ત્યારે જ સમજાય છે, ભૂખ કોને કહેવાય !! એમાં વળી 'દુકાળમાં અધિક માસ' આવે તેમ આ કોરોનાની મહામારીએ ગરીબને વધુ ગરીબ, બેકાર, લાચાર અને રસ્તે રઝળતો કરી દીધો છે. મહામારીના આ કપરા કાળમાં આપણો પ્રોજેક્ટ "ભૂખ્યાંને ભોજન" જરૂરથી ભૂખ્યાંજનો માટે આશીર્વાદરૂપ બનશે.

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો

દીન-દુ:ખિયાના આંસુ લો'તા અંતર કદી ન ધરાજો !

મારું જીવન અંજલિ થાજો !!

'ભૂખ્યાંને ભોજન' પ્રોજેક્ટમાં ઇનર વ્હીલ ક્લબ સુરતે પણ આપણી સાથે હાથ મિલાવ્યો છે. ઇનર વ્હીલ પ્રેસિડેન્ટ અલ્પાબેન જરીવાલાએ તા.૧૬ જુલાઇ, ૨૦૨૧ શુક્રવારે આશાબેન ઝવેરી અને નેહાબેન લોટવાલાના સથવારે હરીચંપાની આસપાસ રહેતા જરૂરિયાતમંદ નિવાસીઓને પુરી અને શાકના ભોજનથી સંતુષ્ટ કર્યા હતા. ભોજન તૈયાર કરાવ્યું હતું આપણા રોટેરિયન અને જલારામ ખીચડીના સંચાલક શ્રી ધર્મેશભાઇ વરણામિયાએ.

"Kindle the spark within
Develop your power
Discover yourself
Demonstrate your purpose
- by recognizing the essential oneness of mankind
- by striving for a union of hearts and minds
- by fanning the spark within into the Magic Flame of a World Fellowship on a person to person basis"

...... Nitish Laharry
R I President: 1962-63



bulletin_04.jpg

## સી.એ. ડે અને ડોક્ટર્સ ડે ની ઉજવણી - ગુરૂવાર, તા. ૧ જુલાઈ, ૨૦૨૧

જેમણે પુરુષાર્થ, પરિશ્રમ, બુદ્ધિચાતુર્ય અને વ્યવસાયિક અભિગમથી સમાજ જીવનમાં મદદરૂપ થઈ
પોતાના જીવનને ગૌરવવંતુ બનાવ્યું છે એવા આપણી કલબના માનવંતા
ડોક્ટર્સ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસને ડોક્ટર્સ ડે અને CA ડે નિમિત્તે
એમના ઘરે / ઓફિસે જઇ પ્રેસિડન્ટ ભિષ્માબેન અને ટીમે
ભાવભીનું સન્માન કર્યું હતું.









*Thank you Nikhil;, Sandip, Bhupendra, Rupesh, Kundan, Hitesh.*



bulletin_05.jpg

## શનિવાર, ૧૭ જુલાઇ, ૨૦૨૧ના રોજ પાલ આંગણવાડીમાં ભૂલકાઓનું સ્મિત



વધુ સારું ખુદા તારા થકી માંગુ તો શું માંગુ?

કોઇને કામ આવી જાય કર એવું જીવન મારું...

દર શનિવારે આપણે પાલ આંગણવાડીના બાળકોને મળવા જઇએ અને એ બાળકો પણ આપણા આગમનની આતુરતાથી રાહ જોતા હોય છે.

તા. ૧૭ જુલાઇ, ૨૦૨૧ને શનિવારે નિલકંઠભાઇ બારોટ અને કીર્તિબેન બારોટ પહોંચ્યા પાલ આંગણવાડીએ લઇને સ્વાદિષ્ટ ઇદડા, કપ કેક અને ચોકલેટ. બાળકો ખૂબ ખુશ અને એમને જોઇને આ પ્રેમાળ દંપતિ વધુ ખુશ. એમની ખુશીમાં સામેલ થયા જાગૃતિબેન ગાંધી અને પૂર્ણિમાબેન ગાંધી અને ત્યાં છવાયો આનંદ જ આનંદ.

## આપણી આર.સી.સી. લાજપોર સચીન પણ કંઇ કમ નથી.

રવિવાર, તા. ૧૮ જુલાઇ, ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે આર.સી.સી. લાજપોર સચીનના નવા પ્રમુખ સુખરામભાઇ ચૌધરીનો પદગ્રહણ વિધિ સમારોહ દોમ દોમ સાહ્યબીથી મનાવાયો.

ડીસ્ટ્રીકટ આર.સી.સી. ચેરમેન પંકજભાઇ નાયકના વડપણ હેઠળ અને આપણા પ્રમુખ ભિષ્માબેન જરીવાલાના મુખ્ય મહેમાન પદે આયોજિત આ પદગ્રહણ વિધિ સમારોહમાં ભૂતપૂર્વ ડીસ્ટ્રીકટ ગવર્નર હિતેશ જરીવાલા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી અને ડિરેક્ટર રૂપેશ જરીવાલાએ હાજરી આપી નિવૃત્ત થતા પ્રમુખ ફારુક શેખને વિદાય આપવા માટે અને નવા વરાયેલા પ્રમુખ સુખરામ ચૌધરીને આવકાર આપવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



bulletin_06.jpg

Rotary | Har Ghar Jal, Jal Jeevan Mission | JAL SHAKTI ABHIYAN, Sanchay Jal, Behtar Kal

# WASH Warriors

In support of *Jal Shakti Abhiyan*, *Jal Jeewan Mission* and the second phase of the *Swachh Bharat Mission* of the Government of India, Rotary India Humanity Foundation (RIHF) has launched several initiatives around the Water, Sanitation and Hygiene (WASH) area of focus under the guidance of Shekhar Mehta, Rotary International President (2021–22).



A Message From **Shekhar Mehta**
**Rotary International President 2021-22**

Rotary is committed to working for water, sanitation and hygiene (WASH) across India. Ensuring clean drinking water, proper sanitation facilities and creating awareness about hygiene are extremely important in our country. Not only will this help our children to become healthy by reducing waterborne and other diseases, it will also help us build an infrastructure where these necessities are no longer a dream for millions of people in our country.

With this in mind, the Rotary India Humanity Foundation is committed to doing large, sustainable and high volume projects across India creating watersheds, rejuvenating water bodies, creating household and public toilets, household tap connections etc.

I encourage each and every Rotary and Rotaract Club to participate in this very important program. I also invite non-Rotarians to join us in this movement of national importance that will impact the lives of millions.

Let us Serve to Change Lives.



**Background**

With more than 1 billion people, India is the second-most populous country in the world. 21 cities, including Delhi, Chennai and Bangalore, are almost out of groundwater, and 600 million face drinking water shortages. 344 million practice open defecation. The World Bank estimates that 21% of communicable diseases in India are linked to unsafe water, lack of access to sanitation and lack of appropriate hygiene practices. Further, over 500 children under five die each day from diarrhoea in India.

Under *Jal Shakti Abhiyan*, the Government of India focuses on rainwater harvesting and water conservation, including initiatives such as the renovation of traditional water bodies and tanks, reuse of water and recharge structures watershed development and afforestation. *Jal Jeevan Mission* is envisioned to provide safe and adequate drinking water through individual household tap connections to all households in rural India by 2024. The program will also implement source sustainability measures, such as recharge and reuse through greywater management, water conservation and rain-water harvesting. The second phase of the *Swachh Bharat Mission* has been launched with a focus on Open Defecation Free (ODF) Plus strategy to sustain gains made under the first phase and to ensure the continuation of health and hygiene benefits.

**Past Gains by Rotary in India**

- Constructed over 300 watersheds across India, benefitting over 500 villages, 35,000 households and one million people
- Provided safe drinking water in several communities in various regions
- Constructed over 1,50,000 household, community and public toilets
- Executed WASH in Schools in over 30,000 government schools across India

**2026 Goals**

- **10,000** watersheds development
- **10,000** water bodies transformation
- **30,000** rainwater harvesting structures
- **1,000** villages with functional household tap connections
- **25,000** WASH in Schools and WASH in Healthcare projects
- **50,000** household toilets
- **1,000** community and public toilet blocks



**WASH in Schools project, SDMC Primary School, Sarvapriya Vihar, New Delhi**



**Joshiwala checkdam, Sikar, Rajasthan**

## Development of Watersheds

The Government of India is implementing the Integrated Watershed Development Program, aimed at restoring ecological balance by harnessing, conserving and developing degraded natural resources. The program, which plans to cover 55 million hectares of rain-fed land by 2027, includes watershed management initiatives such as rainwater harvesting, recharging of the groundwater table, prevention of soil run-off and regeneration of natural vegetation. This enables multi-cropping and the introduction of diverse agro-based activities, which help to provide sustainable livelihoods to neighbouring communities.




**Puducherry Keni Lake, Chennai**

## Transformation of Water Bodies

The Government of India has launched a scheme for repair, renovation and restoration of water bodies with multiple objectives, including the comprehensive improvement and restoration of water bodies, increasing tank storage capacity, groundwater recharge, increased availability of drinking water, improvement in agriculture/horticulture productivity, environmental benefits through improved water use efficiency by promotion of conjunctive use of surface and groundwater, and community participation and development of a self-supporting system for sustainable management for each water body.

# સ્વ. શ્રી નરેન્દ્રકુમાર મહેતાને ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વર્ગસ્થ લખતા કલમ ચાલતી નથી પરંતુ વાસ્તવિકતાનો સ્વીકાર કર્યા સિવાય બીજો કોઇ છૂટકો નથી. પોતાનું સમગ્ર જીવન રોટરી વાદને સમર્પિત કરનાર આ મહા સપૂતને શ્રદ્ધાંજલિ આપવા માટે શબ્દો ઓછા પડે છે.

દિલ્હી, મુંબઇ અને પછી સુરતમાં રોટરી વાદના ફેલાવામાં શ્રી નરેન્દ્રકુમાર મહેતાનો ફાળો અમૂલ્ય છે. સરળ સ્વભાવી ખેલદિલ ઇન્સાન કે જેમણે જીવનમાં હંમેશા બીજાનું સારું કેમ થાય તે જ ઇચ્છ્યું હતું. ભારોભાર સંસ્કારિતાના દર્શન તેમના વ્યક્તિત્વમાં થતા હતા. માનવ માત્રને માટે કંઇક કરી છૂટવાની તમન્ના ધરાવતા સૌજન્યશીલ વડીલ જયારે આપણો સાથ છોડી દે ત્યારે અપાર દુ:ખ થાય છે.

તેમના પ્રદાનને રોટેરિયન મિત્રો અને ખાસ કરીને રોટરી ક્લબ ઓફ સુરત વર્ષો સુધી યાદ રાખશે. તેમણે હંમેશા આપ્યું જ છે, ક્યારેય માંગ્યું નથી અને કર્મવાદના પાયાના સિદ્ધાંત "અપેક્ષા રાખવી નહિ" ને જીવનમંત્ર બનાવીને તેઓ જીવન જીવ્યા છે. ટૂંકમાં અપેક્ષા રાખ્યા વગર તેમણે હંમેશા દિલથી આપ્યું છે.

આવા દાનવીરો ભાગ્યે જ પ્રાપ્ત થતા હોય છે. તેઓ આપણામાંના એક હતા તેનું આપણને હંમેશા ગૌરવ રહેશે. "હતા" લખતા અને બોલતા જીભ ચાલતી નથી અને તેથી હંમેશા તેઓ આપણી સાથે જ છે તેવો અહેસાસ આપણને સૌને હંમેશા થશે તે જ તેમના માટેની રોટરી ક્લબ ઓફ સુરતની સાચી અંજલિ હશે.

ૐ શાંતિ...